### તંત્રના નાક નીચે જ જળ વિસર્જન

# સુભાનપુરામાં પીવાના પાણીની લાઈનમાં લીકેજ

## એક તરફ પાણી માટે પોકાર અને બીજી તરફ હજારો લીટર પાણી ગટરમાં હોમાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.21 વડોદરા શહેરમાં એક તરફ નાગરિકો પૂરતા દબાણથી અને શુદ્ધ પીવાનું પાણી મેળવવા માટે તરસતા હોય છે, ત્યારે બીજી તરફ પાલિકા તંત્રની બેદરકારીના કારણે હજારો લીટર ચોખ્ખું પાણી રસ્તા પર વેડફાઈ રહ્યું હોવાની ગંભીર ઘટના સામે આવી છે. વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલી વોર્ડ ઓફિસની બિલકુલ નજીકમાં જ પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં અચાનક મોટું ભંગાણ સર્જાયું છે. વોર્ડ ઓફિસની છત્રછાયા હેઠળ જ આટલી મોટી દુર્ઘટના ઘટતા સ્થાનિક રહીશોમાં પાલિકાના વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ અને રોષ જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, સુભાનપુરા વોર્ડ ઓફિસ પાસે પસાર થતી પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડતા જ રોડ પર પાણીના ધોધ વહેવા લાગ્યા હતા. જોતજોતામાં સમગ્ર રસ્તો અને આસપાસનો વિસ્તાર પાણી-પાણી થઈ ગયો હતો. લાઈનમાં સર્જાયેલા ભંગાણને કારણે હજારો લીટર શુદ્ધ પીવાનું પાણી રસ્તા પર વહીને ગટરોમાં હોમાઈ ગયું હતું. આ દ્રશ્ય જોઈને સ્થાનિક નાગરિકોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ હતી. લોકોનું કહેવું છે કે, જે સ્થળેથી સમગ્ર વિસ્તારનો વહીવટ ચાલે છે તે જ વોર્ડ ઓફિસના નાક નીચે આટલો મોટો પાણીનો વેડફાટ થઈ રહ્યો હોવા છતાં જવાબદાર અધિકારીઓ કે કર્મચારીઓનું ધ્યાન સમયસર કેમ ન ગયું તે એક મોટો સવાલ છે. આ લાઈન લીકેજ થવાના કારણે આ સપાસના રહેણાંક વિસ્તારોમાં પાણીનું દબાણ ઘટી જવાની અને દૂષિત પાણી પુરવઠો મળવાની દહેશત ઊભી થઈ છે. પાણીની લાઈનમાં ભંગાણ પડવાના કારણે રસ્તા પર પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓને પણ પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક રહીશોએ તંત્ર સામે આકરા પ્રહારો કર્યા હતા અને માંગ કરી હતી કે મ હા નગરપાલિકાનું હાઈડ્રોલિક ડિપાર્ટમેન્ટ તાત્કાલિક ધોરણે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને આ લાઈનનું રિપેરિંગ કામ પૂરું કરે. જેથી કરીને લાખો લીટર પાણીનો થઈ રહેલો બગાડ અટકે અને સગાઈ વાળા વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા ઊભી ન થાય. હવે જોવાનું એ રહેશે કે પાલિકા તંત્ર આળસ ખંખેરીને ક્યારે આ ભંગાણ પૂરવાની કામગીરી પૂર્ણ કરે છે.

### પૂર્વ સૂચના કે વૈકલ્પિક વ્યવસ્થા વિના દબાણ હટાવવાની કાર્યવાહી સામે ભારે વિરોધ

# રોજગારી છીનવાતા લારીધારકોમાં રોષ, કલેક્ટર કચેરીએ પાઠવ્યું આવેદનપત્ર

**‘સ્ટ્રીટ વેન્ડર્સ અધિનિયમ, 2014’** નો કડક અમલ કરવા અને કાયદેસરનું રક્ષણ આપવા માંગ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧ શહેરના દિવાળીપુરા સ્થિત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આજે મોટી સંખ્યામાં લારીધારકો અને શેરી વિક્રેતાઓ એકત્ર થયા હતા અને વડોદરા મહાનગરપાલિકાની દબાણ હટાવો ઝુંબેશ સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. પાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ચલાવવામાં આવી રહેલી દબાણ હટાવો ઝુંબેશ અને માલસામાન જપ્ત કરવાની કાર્યવાહીથી ગરીબ વેપારીઓની રોજીરોટી છીનવાઈ રહી હોવાની વેદના તેમણે રજૂ કરી હતી. વિક્રેતાઓએ આક્ષેપ કર્યો હતો કે તંત્ર દ્વારા તેમને કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના કે વૈકલ્પિક વ્યવસ્થા વગર ગેરકાયદેસર રીતે હટાવવામાં આવી રહ્યા છે. આ પરિસ્થિતિના કારણે નાના વેપારીઓ અને તેમના પરિવારજનોના ગુજરાનનો પ્રશ્ન ગંભીર બન્યો છે, જેના કારણે તેમની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સમગ્ર મામલે લારીધારકોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને ઉગ્ર માંગ કરી છે કે કેન્દ્ર સરકારના ‘સ્ટ્રીટ વેન્ડર્સ અધિનિયમ, ૨૦૧૪’ નો વડોદરા શહેરમાં તાત્કાલિક અને યોગ્ય રીતે અમલ કરવામાં આવે. તેમજ તમામ શેરી વિક્રેતાઓને કાયદેસરનું રક્ષણ પૂરું પાડીને યોગ્ય જગ્યાએ વેપાર કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

### જનતાના પ્રશ્નો અને શ્રમિકોની વેદના વાચા પામશે

# વડોદરા શહેરમાં “બેટર સિટી” અભિયાનનું લોન્ચિંગ




(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧ ભારતીય રાષ્ટ્રીય યુથ કોંગ્રેસ દ્વારા સમગ્ર દેશમાં નાગરિકોના મૂળભૂત પ્રશ્નો અને શહેરી વ્યવસ્થાઓને સુધારવાના ઉદ્દેશ્ય સાથે “બેટર સિટી” અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ અભિયાનના ભાગરૂપે આજ રોજ વડોદરા શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ પવન ગુપ્તાની વિશેષ આગેવાની હેઠળ સંસ્કારનગરી વડોદરામાં આ અભિયાનનું ભવ્ય લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ અભિયાન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય જનતાની વચ્ચે જઈને તેમની સમસ્યાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાનો છે. આ અંગે વધુ વિગત આપતા મોરચા દ્વારા જણાવવામાં આવ્યું છે કે ડિલિવરી બોય, ઓટો-ટેક્સી ડ્રાઈવરો અને રોજિંદા ધોરણે પરસેવો પાડતા શ્રમિક વર્ગને રોજિંદા જીવનમાં પડતી મુશ્કેલીઓ અંગે સીધી માહિતી મેળવવામાં આવશે. શહેરના વિવિધ વિસ્તારોમાં નિયમિત સફાઈ થાય છે કે નહીં, પીવાનું પાણી અને ગટર જેવી પ્રાથમિક સુવિધાઓ નાગરિકો સુધી યોગ્ય રીતે પહોંચે છે કે નહીં તેની તપાસ કરાશે. યુથ કોંગ્રેસના કાર્યકરો ગામેગામ અને વોર્ડ-વોર્ડ ફરીને નાગરિકોની ફરિયાદો સાંભળશે અને તેને એકત્રિત કરશે.

# ફૂડ ડિલિવરી સમિટમાં રેસ્ટોરાં ઉદ્યોગના નવા યુગની ચર્ચા

વડોદરાઃ નેશનલ રેસ્ટોરાં એસોસિયેશન ઓફ ઈન્ડિયા (NRAI)ની ફૂડ ડિલિવરી સમિટ-2026ની 5મી આવૃત્તિમાં ભારતના રેસ્ટોરાં ઉદ્યોગના આગામી તબક્કા અંગે મહત્વપૂર્ણ ચર્ચાઓ થઈ. અમદાવાદમાં યોજાયેલી સમિટમાં 5,000થી વધુ રેસ્ટોરાં માલિકો, 100થી વધુ ઉદ્યોગ અગ્રણીઓ, 3,000થી વધુ બ્રાન્ડ્સ અને 30થી વધુ શહેરોના પ્રતિનિધિઓ જોડાયા હતા. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સમિટનું ઉદ્ઘાટન કર્યું હતું. Tech Powers Growth’ થીમ હેઠળ યોજાયેલી સમિટમાં ફૂડ ડિલિવરીનું આગામી દાયકું, 1,000 કરોડની ફૂડ બ્રાન્ડ ઊભી કરવી, ફ્રેન્ચાઈઝિંગ, GIFT Cityની તકો અને રેસ્ટોરાંમાં AI તથા ઓટોમેશનના વધતા ઉપયોગ જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ. NRAIએ મિટ્ટી કેફે, GIFT City અને ઈઝી કેટર્સ સાથે એમઓયુ કર્યા. ‘The Intelligent Restaurant’ સેશનમાં AI, ડેટા અને ઓટોમેશન રેસ્ટોરાંના નિર્ણયો અને કામગીરીને કેવી રીતે બદલશે તેની ચર્ચા થઈ.

### વડોદરાના ઉત્તર ઝોન વોર્ડ-૧૩માં પાલિકાની દબાણ હટાવ ઝુંબેશ

# ખંડેરાવ માર્કેટથી દાંડિયા બજાર સુધી કડક કાર્યવાહી હાથ ધરાશે



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧ વડોદરા શહેરના ઉત્તર ઝોન અંતર્ગત આવતા વહીવટી વોર્ડ નંબર ૧૩માં વડોદરા મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની કડક કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને ખંડેરાવ માર્કેટથી દાંડિયા બજાર ચાર રસ્તા અને જેલ રોડ થી જયરત્ન ચાર રસ્તા તરફના વિસ્તારોમાં દબાણોની ગંભીર સમસ્યા જોવા મળી રહી હતી જેના ઉકેલ માટે પાલિકાની દબાણ શાખાની ટીમ સતત સક્રિય બની છે. મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ કમિશનર, વોર્ડ ઓફિસર અને દબાણ નિવારણ ટીમ સાથે મળીને સ્થળ પર હાજર રહીને દબાણો દૂર કરવાની કાર્યવાહી કરી રહ્યા છે.

અધિકારીના જણાવ્યા અનુસાર, જાહેર રસ્તાઓ અને ચાર રસ્તાઓ પર દબાણોના કારણે સામાન્ય વાહનચાલકો તથા રાહદારીઓની અવરજવરમાં ભારે તકલીફ પડતી હોય છે. એટલું જ નહીં, ઘણીવાર ઈમરજન્સી સેવાઓ માટે પણ આ દબાણો મોટા અવરોધરૂપ સાબિત થતા હોય છે. આ સમસ્યાના કાયમી નિકાલ અને તંત્રની સતત નજર રહે તે માટે વહેલી સવારે ૯:૦૦ વાગ્યાથી જ મોનિટરિંગ શરૂ કરવામાં આવે છે, જે મોડી સાંજ સુધી સતત ચાલુ રાખવામાં આવે છે. રોડ-રસ્તા પર ગેરકાયદેસર રીતે કરવામાં આવેલા દબાણો સામે અસરકારક પગલાં ભરતાં, ટીમો દ્વારા દબાણનો સામાન જપ્ત કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે.

જો સામાન જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં ન આવે તો આ ઝુંબેશની અસરકારકતા રહેતી નથી. વેપારીઓ તથા દબાણ કરનારાઓને પણ આ દબાણો અંગે પૂરતી જાણકારી હોવા છતાં, રસ્તાઓ પર દબાણ કરવામાં આવતું હોવાથી પાલિકાની ટીમ દ્વારા કોઈપણ ક્ષમ્ય રાખ્યા વિના દબાણનો સામાન જપ્ત કરી રસ્તાઓ ખુલ્લા કરાવવામાં આવી રહ્યા છે.

### વડોદરા મનપામાં SEIAA ગુજરાતની મહત્વપૂર્ણ બેઠક

# પર્યાવરણીય મંજૂરી અને વિકાસ કાર્યો મુદ્દે યોજાયું મંથન

(પ્રતિનિધિ) વડોદરા તા.21 વડોદરા મહાનગરપાલિકા કચેરી ખાતે સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ અસેસમેન્ટ ઓથોરિટી ગુજરાતની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા શહેરમાં ચાલી રહેલા તથા આગામી સમયમાં આવનારા વિકાસલક્ષી અને ઔદ્યોગિક પ્રોજેક્ટોમાં પર્યાવરણની જાળવણી અને સંબંધિત નિયમોનું યોગ્ય પાલન થાય તે સુનિશ્ચિત કરવાના હેતુથી આ વિશિષ્ટ બેઠક યોજવામાં આવી હતી. આ ખાસ બેઠકમાં પર્યાવરણ અસર મૂલ્યાંકન વિષય પર એક વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરથી ખાસ પધારેલી SEIAA ની ઉચ્ચ સ્તરીય ટીમ દ્વારા જિલ્લા અને સ્થાનિક કક્ષાએ પર્યાવરણને લગતી કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા તેમજ પર્યાવરણીય નિયમોના અસરકારક અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ દરમિયાન વિવિધ પ્રકલ્પ માટે મેળવવાની થતી પર્યાવરણીય મંજૂરીઓની પ્રક્રિયા, નિયમોનું પાલન અને પ્રોજેક્ટ દરમિયાન પર્યાવરણને ન્યૂનતમ નુકસાન થાય તે માટેના ધોરણો અંગે ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ વચ્ચે સમતુલન જાળવી રાખીને કામગીરી કેવી રીતે આગળ વધારવી તે અંગે પણ અધિકારીઓને દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા.

વડોદરા મહાનગરપાલિકા ખાતે યોજાયેલી આ અગત્યની સમીક્ષા બેઠકમાં વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, શહેરના મેયર તેમજ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. SEIAA ની ટીમે વડોદરા મનપાના તંત્રને પર્યાવરણીય નીતિ-નિયમોના સંપૂર્ણ પાલન સાથે શહેરના વિકાસ કાર્યોને ઝડપથી આગળ ધપાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

### વાઘોડિયા રોડ પર ૨૪ લોકોને બચકા ભરવાની ઘટના બાદ તંત્ર જાગ્યું

# શ્વાનનો ત્રાસ વધતા પાલિકાનું એક્શન વસ્તી ગણતરી માટે ટેન્ડર મંગાવાયા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરા શહેરમાં રખડતા શ્વાનના વધતા જતા હુમલા અને ત્રાસને પગલે વડોદરા મહાનગરપાલિકા તંત્ર આખરે એક્શન મોડમાં આવ્યું છે. શહેરમાં ફ્રી-રોમિંગ કમ્યુનિટી ડોગ્સની વસ્તી ગણતરી (ડોગ સેન્સસ) હાથ ધરવા માટે પાલિકા દ્વારા સક્ષમ અને અનુભવી સંસ્થાઓ પાસેથી ટેન્ડર મંગાવવામાં આવ્યા છે. આ સર્વેના આધારે એકત્રિત થયેલા ડેટા મુજબ એનિમલ બર્થ કંટ્રોલ પ્રોગ્રામને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવામાં આવશે. શહેરમાં શ્વાન કરડવાના બનાવોમાં સતત ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. તાજેતરમાં જ વાઘોડિયા રોડ પર આવેલી એક સોસાયટીમાં રખડતા શ્વાનોએ એકસાથે ૨૪ જેટલા લોકોને બચકા ભર્યા હોવાની ગંભીર ઘટના સામે આવી હતી. વધતા જતા શ્વાનના હુમલા અને હડકવાના જોખમ વચ્ચે ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં ૬,૪૬૩થી વધુ લોકોએ હડકવાની રસી લીધી હોવાનું સામે આવ્યું છે. નામદાર સુપ્રીમ કોર્ટ અને રાજ્ય સરકારના નિર્દેશાનુસાર વડોદરા મહાનગરપાલિકા દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પાલિકાએ વર્ષ ૨૦૧૪માં ભારત સરકારની સાયન્ટિફિક ગાઈડલાઈન્સ મુજબ સર્વે કર્યો હતો. નિયમ મુજબ દર પાંચ વર્ષે થતી આ ગણતરી માટે ટૂંક સમયમાં બે થી ત્રણ વિશેષ ટીમો મેદાનમાં ઉતારવામાં આવશે. આ ટીમો વોર્ડ વાઈઝ, સ્ટ્રીટ વાઈઝ અને સ્પેસિફિક લાઈન વાઈઝ કામગીરી કરશે, જેમાં જીપીએસ લોકેશન અને સેટેલાઈટ મેપિંગના આધારે ડેટા એકત્ર કરવામાં આવશે. આ વસ્તી ગણતરી દરમિયાન માત્ર સંખ્યા જ નહીં પરંતુ અન્ય મહત્વના પેરામીટર્સ પણ ચકાસવામાં આવશે. જેમાં કેટલા શ્વાનનું ખસીકરણ થયું છે અને કેટલા બાકી છે, સ્ટીલિંગ કે લેક્ટિટિંગ ફીમેલ્સ, પપીઝ, તેમજ સ્કીન ડિસીઝ કે અન્ય કોઈ બીમારી ધરાવતા શ્વાનની અલગથી ઓળખ કરવામાં આવશે. કામગીરી શરૂ થયા બાદ આ સર્વે પૂર્ણ કરવામાં ત્રણથી ચાર મહિનાનો સમય લાગશે. ત્યારબાદ તમામ સાયન્ટિફિક ડેટા એકત્ર કરી આગામી છ મહિનામાં આખરી રિપોર્ટ તૈયાર કરીને સબમિટ કરવામાં આવશે.

### બે વ્યક્તિ સામે મામલતદારે ફરિયાદ નોંધાવી

# નસવાડી તાલુકામાં બનાવટી જાતિનો દાખલો પકડાતા હડકંપ

( પ્રતિનિધિ ) નસવાડી,તા.21 નસવાડી તાલુકા સેવાસદનમાં ખાપરીયા ગામના પ્રભુભાઈએ તેઓના પુત્ર પારસભાઈનો જાતિનો દાખલો મેળવવા માટે નસવાડી મામલતદારમાં અરજી કરેલ જેમાં પુરાવા તરીકે 28/05/2024 ના રોજ મામલતદાર કચેરી દ્વારા જે પ્રમાણપત્ર આપવામાં આવેલ તે પુરાવા તરીકે રજુ કરેલ પરંતુ આ જાતિના દાખલામાં બોગસ સહીઓ અને સિક્કા મારી બનાવેલ હોવાનું અનુમાન લાગતા મામલતદારએ કચેરીના સ્ટાફ સાથે મળીને જે દાખલામાં દર્શાવેલ રજીસ્ટર નંબર 63432024 મારેલ હતો તે દાખલો રજીસ્ટરમાં નોંધાયેલ ના હતો જયારે જે તે સમયના મામલતદારની સહી સિક્કા પણ ખોટ કરવામાં આવેલ છે જયારે મામલતદારની સહી અને સિક્કા કરી આવા બોગસ દાખલા બન્યા હોવાનું મામલતદારને લાગતા સમગ્ર મામલાની જીણવટ ભરી તપાસ હાથધરતા દાખલ બોગસ બનાવનાર પૂછપરછ કરતા સમગ્ર મામલાનો પરદાફાસ થતા જેમાં મામલતદારની સહી સિક્કા વાળું બોગસ જાતિના દાખલા બનાવનાર કોંગ્રેસના કાર્યકર અને રતનપુરાના માજી સરપંચનો પુત્ર સફરાજભાઈ વિનોદભાઈ ઉર્ફે વિનુભાઈ ભીલ અને જાતિનો બોગસ દાખલો લેનાર પ્રભુભાઈ રાઠવા બે વ્યક્તિઓ સામે નસવાડી મામલતદાર વિરાજસિંહ દિલીપસિંહ સીસોદીયનાઓએ નસવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા હાલ તો પોલીસ બંનેવ આરોપીને શોધી રહી છે .પ્રાથમિક તપાસમાં રતનપુરા ગામે રહેતા સરફરાજભાઈ વિનોદભાઈ ભીલ તેઓ વીસીની કામગીરી કરે છે અને કંકોત્રી સહીત ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી કરે છે તેઓ 500 રૂપિયામાં જાતિનો બોગસ દાખલો બનાવી આપતાં હતા.

### ચાલતા મશીનમાં ધડાકાથી અફરાતફરી ,સદનસીબે જાનહાનિ થતા ટળી

# અક્ષરચોક બ્રિજ પર સફાઈ કરતી વખતે વેક્યુમ મશીનમાં બ્લાસ્ટ સાથે આગ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરા શહેરના અક્ષરચોક બ્રિજ પર સફાઈ કામગીરી દરમિયાન એક મોટી હોનારત ટળી હતી. બ્રિજ પર નિયમિત સફાઈ કરી રહેલા વેક્યુમ સ્વીપર ક્લીનર મશીનમાં અચાનક ધડાકાભેર બ્લાસ્ટ થતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. બ્લાસ્ટના મોટા અવાજથી આસપાસના લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. બ્લાસ્ટ બાદ મશીનમાં વિકરાળ આગ ભભૂકી ઉઠી હતી અને આગની જ્વાળાઓ સાથે ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા.

સદનસીબે આ ગંભીર દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ મશીનને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું. ઘટનાની જાણ થતાં જ જે.પી. રોડ પોલીસ સ્ટેશનની ટીમ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવી હતી. સુરક્ષાના ભાગરૂપે પોલીસે તાત્કાલિક અસરથી બ્રિજ પરનો વાહનવ્યવહાર બંધ કરાવી દીધો હતો અને આખો રસ્તો કોર્ડન કરી લીધો હતો જેથી કોઈ અપ્રિય ઘટના ન બને. દરમિયાન, ફાયર બ્રિગેડની ટીમને પણ તુરંત જાણ કરવામાં આવતા લાશ્કરો કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર જવાનોએ ભારે જહમત અને પાણીનો મારો ચલાવીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ ટેકનિકલ ખામી કે શોર્ટ સર્કિટના કારણે આ બ્લાસ્ટ થયો હોવાનું મનાઈ રહ્યું છે, જો કે તંત્ર દ્વારા આ મામલે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

### વડોદરા મનપામાં SEIAA ગુજરાતની મહત્વપૂર્ણ બેઠક

# પર્યાવરણીય મંજૂરી અને વિકાસ કાર્યો મુદ્દે મંથન

( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરા મહાનગરપાલિકા કચેરી ખાતે સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ અસેસમેન્ટ ઓથોરિટી ગુજરાતની એક અત્યંત મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા શહેરમાં ચાલી રહેલા તથા આગામી સમયમાં આવનારા વિકાસલક્ષી અને ઔદ્યોગિક પ્રોજેક્ટોમાં પર્યાવરણની જાળવણી અને સંબંધિત નિયમોનું યોગ્ય પાલન થાય તે સુનિશ્ચિત કરવાના હેતુથી આ વિશિષ્ટ બેઠક યોજવામાં આવી હતી. આ ખાસ બેઠકમાં પર્યાવરણ અસર મૂલ્યાંકન વિષય પર એક વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરથી ખાસ પધારેલી SEIAA ની ઉચ્ચ સ્તરીય ટીમ દ્વારા જિલ્લા અને સ્થાનિક કક્ષાએ પર્યાવરણને લગતી કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા તેમજ પર્યાવરણીય નિયમોના અસરકારક અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ દરમિયાન વિવિધ પ્રકલ્પ માટે મેળવવાની થતી પર્યાવરણીય મંજૂરીઓની પ્રક્રિયા, નિયમોનું પાલન અને પ્રોજેક્ટ દરમિયાન પર્યાવરણને ન્યૂનતમ નુકસાન થાય તે માટેના ધોરણો અંગે ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ વચ્ચે સમતુલન જાળવી રાખીને કામગીરી કેવી રીતે આગળ વધારવી તે અંગે પણ અધિકારીઓને દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા.

વડોદરા મહાનગરપાલિકા ખાતે યોજાયેલી આ અગત્યની સમીક્ષા બેઠકમાં વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, શહેરના મેયર તેમજ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. SEIAA ની ટીમે વડોદરા મનપાના તંત્રને પર્યાવરણીય નીતિ-નિયમોના સંપૂર્ણ પાલન સાથે શહેરના વિકાસ કાર્યોને ઝડપથી આગળ ધપાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

# એબીએચ હેલ્થકેરનો 34.98 કરોડનો IPO 24 ઓગસ્ટથી ખુલશે

વડોદરાઃ પંજાબમાં અનિલ બાઘી હોસ્પિટલનું સંચાલન કરતી NABH માન્યતા પ્રાપ્ત એબીએચ હેલ્થકેર લિમિટેડે NSE SME પ્લેટફોર્મ પર IPO જાહેર કર્યો છે. કંપની 34,29,600 ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ દ્વારા 34.98 કરોડ સુધીની રકમ ઊભી કરશે. IPO 24 ઓગસ્ટથી ખુલશે અને 27 ઓગસ્ટ, 2026ના રોજ બંધ થશે. IPO માટેનો પ્રાઈઝ બેન્ડ 96થી 102 પ્રતિ શેર છે, જ્યારે લોટ સાઈઝ 1,200 શેરની છે. રિટેલ રોકાણકારો માટે ઓછામાં ઓછા 2 લોટ એટલે કે 2,400 શેર માટે અરજી જરૂરી છે. અપર બેન્ડ મુજબ રિટેલ રોકાણ 2,44,800 થશે. HNI માટે ઓછામાં ઓછા 3 લોટ એટલે 3,600 શેરની અરજી જરૂરી છે, જેનું મૂલ્ય 3,67,200 થાય છે. કંપની 17 કરોડનો ઉપયોગ કેટલીક લોનની સંપૂર્ણ અથવા આંશિક પૂર્વચુકવણી/પુનઃચુકવણી માટે કરશે. 5 કરોડ કાર્યકારી મૂડી માટે ફાળવવામાં આવશે.

### મગરે વાહનચાલકોને થોડીવાર માટે થંભાવી દીધા

# મંગલ પાંડે બ્રિજ પાસે અને રૂસ્તમપુરાથી માલુ તરફ જતાં માર્ગ પર મગરે દેખાદીધી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.21 વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં મગરોની વસ્તી જાણીતી છે, પરંતુ જ્યારે એક મહાકાય મગર રસ્તા પર આવી ચડે ત્યારે કુતૂહલ સર્જાય તે સ્વાભાવિક છે. આવો જ નજારો મંગલ પાંડે બ્રિજ પાસે જોવા મળ્યો હતો. બ્રિજ પરથી પસાર થતા રાહદારીઓની નજર નદી કિનારે પડતા જ એક વિશાળકાય મગર દેખાયો હતો. જોતજોતામાં વાત ફેલાતા બ્રિજ પર અને રસ્તા પર લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા. લોકો ઉત્સુકતાપૂર્વક મગરની લટાર નિહાળી રહ્યા હતા અને મોબાઈલમાં વીડિયો કેદ કરી રહ્યા હતા. સ્થળ પર ભારે અચરજ અને કૌતુકનો માહોલ છવાયો હતો. એક સ્થાનિક યુવકે જણાવ્યું હતું કે, મગર વિશ્વામિત્રી નદીમાંથી સ્ટેપ ચડીને સીધો ઉપર રોડ સુધી આવી ગયો હતો. થોડી વાર રસ્તા પર આંટા માર્યા બાદ તે પરત નદી તરફ જતો રહ્યો હતો. સ્થળ પર હાજર એક યુવકના જણાવ્યા મુજબ આ દરમિયાન કેટલાક લોકોએ મગરને પથ્થર પણ માર્યા હતા, છતાં મગરે કોઈને નુકસાન પહોંચાડ્યા વગર પાછો નદીમાં જતો રહ્યો હતો. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી.

વડોદરા જિલ્લાના વાઘોડિયાના રૂસ્તમપુરાથી માલુ તરફ જતા રોડ પર રાત્રિના સમયે એક વિશાળ કદનો મગર જાણે રસ્તા પર લટાર મારતો હોય તેમ આરામથી ચાલી રહ્યો હતો. આ અણધારી મુલાકાતનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહ્યો છે. રાત્રીના શાંત વાતાવરણમાં આ રોડ પરથી પસાર થઈ રહેલા વાહનચાલકોએ રોડની વચ્ચોવચ એક વિશાળ સરિસૃપ પ્રાણીને જોયું. નજીક જઈને જોતા તે આશરે આઠ થી દસ ફૂટ લાંબો મગર હોવાનું જણાયું હતું. મગરની આ લટારે વાહનચાલકોને થોડીવાર માટે થંભાવી દીધા હતા. જો કે, રાહતની વાત એ રહી કે મગરે કોઈને નુકસાન પહોંચાડ્યા વગર પોતાની મસ્તીમાં આગળ વધવાનું ચાલુ રાખ્યું હતું.

### વોર્ડ નં. ૧૩ ના કેવડાબાગ ખાતે તૈયાર કરાયું

# પર્યાવરણના રક્ષણ સાથે પ્રથમ વખત ઊભું કરાયું કૃત્રિમ તળાવ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૧ શહેરમાં મા દશામાના પવિત્ર વ્રતની પૂર્ણાહુતિ નિમિત્તે શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવતી મૂર્તિ વિસર્જનની વિધિને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા પર્યાવરણના રક્ષણ માટે સરાહનીય પગલું ભરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં કૃત્રિમ તળાવોનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં પ્રથમ વખત વોર્ડ નંબર ૧૩ અંતર્ગત આવતા કેવડાબાગ વિસ્તારમાં સરદાર માર્કેટ પાસે આવેલી વોર્ડ ઓફિસના પાર્કિંગમાં આકર્ષક અને સુવિધાયુક્ત કૃત્રિમ તળાવ ઊભું કરવામાં આવ્યું છે.સ્થાનિક કાઉન્સિલરની વિશેષ રજૂઆત અને લોકહિતને ધ્યાનમાં રાખીને, આ વખતે જમીન ખોદવાને બદલે પર્યાવરણ અને પાર્કિંગની સુરક્ષા જાળવી રાખી મજબૂત પ્લાસ્ટિકના સ્ટેન્ડ અને ખાસ શીટનો ઉપયોગ કરીને હંગામી તળાવ તૈયાર કરવામાં આવ્યું છે. આ નવી વ્યવસ્થાના કારણે કેવડાબાગ અને આસપાસના વિસ્તારોના સ્થાનિક શ્રદ્ધાળુઓને દૂરના જળાશયો સુધી લાંબા થવું નહીં પડે, અને તેઓ પોતાના ઘરઆંગણે જ આસ્થાપૂર્વક વિસર્જન કરી શકશે. કુદરતી જળાશયો અને નદીઓમાં પ્રદૂષણ અટકાવવા તથા જળચર સૃષ્ટિની સુરક્ષા માટે આ પ્રકારના કૃત્રિમ તળાવો અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યા છે. આ આયોજનને લઈને સ્થાનિક રહીશોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જોકે સાથે જ તેમણે વહીવટીતંત્ર અને મ્યુનિસિપલ કોર્પોરેશન સમક્ષ કેટલીક મહત્વપૂર્ણ માંગણીઓ પણ મૂકી છે.તંત્ર દ્વારા કરવામાં આવેલું આ આયોજન ખૂબ જ આવકારદાયક છે, પરંતુ વિસર્જનના દિવસોમાં અહીં ભારે ભીડભાડ થવાની શક્યતા છે. તેથી તંત્ર દ્વારા પૂરતી સ્વચ્છતા જાળવવામાં આવે, ટ્રાફિક નિયમન માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય અને સુરક્ષાના કડક બંદોબસ્ત રાખવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.